**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 4, Issue - 7, July - 2021
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.871
Received on : 02/07/2021 Accepted on : 18/07/2021 Publication Date: 31/07/2021

# 'સંઘ પ્રદેશ દમણનાં શૈક્ષણિક ગ્રંથાલયોનો વિશ્લેષણાત્મક અભ્યાસ'

1. **ડૉ.મુકુંદકુમાર સી. પટેલ,** 2. **ડૉ.મનીષકુમાર એસ. પટેલ**
1. ગ્રંથપાલ, કૉલેજ ઓફ એજયુકેશન, નાની દમણ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., સુરત.
2. ગ્રંથપાલ, કૉલેજ ઓફ એ.એસ. એન્ડ પી.એસ., ચીખલી, જિ. નવસારી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., સુરત.
1. mukundpatel994@gmail.com 2. manishkumarspatel@gmail.com

**સારાંશ :** શૈક્ષણિક ગ્રંથાલયમાં અનેક પ્રકારની વાચન સામગ્રીનો સંગ્રહ કરવામાં આવે છે. જે શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ માટે ઉપયોગી હોય છે. જેમાં પાઠયપુસ્તકો, સામયિકો, સંદર્ભ ગ્રંથો તેમજ વિદ્યાર્થી માટે ઉત્તમ અને શ્રેષ્ઠ વાંચન સામગ્રી ગ્રંથાલયમાં ખરીદી કરવામાં આવે છે. ગ્રંથાલયમાં દર વર્ષે તેમા ઉત્તરોઉત્તર વધારો થતો જાય છે. આવા સમયે શ્રી ડો.રંગનાથને આપેલ પાંચ સૂત્રો પૈકીનું ચોથું સૂત્ર 'વાચક અને કર્મચારીનો સમય બચાવો' એ સૂત્ર સાર્થક કરી શકાય. દમણનાં શૈક્ષણિક ગ્રંથાલયો વિષય પર કોઇ સંશોધન કરવામાં આવ્યું નથી. ગ્રંથસંગ્રહ વિકાસ, ટેક્નોલોજીનો ઉપયોગ, વાચકને આપવામાં આવતી સેવાઓ વગેરેનો નડતા પ્રશ્નોનો વિશ્લેષણાત્મકઅભ્યાસ કરવાનું નક્કી કરી નીચે મુજબનો વિષય પસંદ કરવામાં આવ્યો છે.

**સૂચક શબ્દ:** શૈક્ષણિક ગ્રંથાલય, ગ્રંથાલય, વિશ્લેષણાત્મક અભ્યાસ, સંઘ પ્રદેશ, દમણ.

## ૧. સમસ્યાની ઓળખ અને પસંદગી:

સંશોધનની પસંદગી માટે સંશોધકે પહેલાં જે તે વિષયની સમસ્યાનો આછો ચિતાર મેળવી લેવો જરૂરી છે. સમસ્યાને અનુરૂપ મુદ્દાઓની નોંધ તૈયાર કરી અને એ માટે અધ્યેતા શૈક્ષણિક ગ્રંથાલય સાથે જોડાયેલ હોવાથી અધ્યેતાએ શૈક્ષણિક ગ્રંથાલયોનો અભ્યાસ કરવાનુ નક્કી કરી આ વિષય અંગેની માહિતી મેળવી. માહિતી પરથી જાણવા મળ્યું કે શૈક્ષણિક ગ્રંથાલયો પર ઘણાં સંશોધન થયા છે. પરંતુ દમણનાં શૈક્ષણિક ગ્રંથાલયો વિષય પર કોઇ સંશોધન કરવામાં આવ્યું નથી. શૈક્ષણિક ગ્રંથાલયોનું સંચાલન, ગ્રંથસંગ્રહ વિકાસ, ટેક્નોલોજીનો ઉપયોગ, વાચકને આપવામાં આવતી સેવાઓ વગેરેમાં નડતા પ્રશ્નોનાં વિશ્લેષણાત્મકઅભ્યાસ કરવાનું નક્કી કરી આ વિષય પસંદ કરવામાં આવ્યો છે.

## ૨. સંશોધનના હેતુઓ:

આ સંશોધનમાં ઉપરોક્ત વિષયને ધ્યાનમાં રાખીએ તો આ સંશોધનના હેતુઓ આ મુજબના છે.

૨.૧. વર્તમાન સમયમાં શૈક્ષણિક ગ્રંથાલયની સ્થિતિ વિશે માહિતી મેળવવી.
૨.૨. શૈક્ષણિક ગ્રંથાલયમાં કેવા પ્રકારની સેવાઓ આપવામાં આવે છે તે જાણવું
૨.૩. શૈક્ષણિક ગ્રંથાલયનો સંગ્રહવિકાસ કેવા પ્રકારનો છે તે જાણવું.
૨.૪. શૈક્ષણિક ગ્રંથાલયમાં ટેક્નોલોજીનો ઉપયોગ થાય છે કે નહિ તે જાણવું.
૨.૫. શૈક્ષણિક ગ્રંથાલયમાં વિદ્યાર્થીઓ માટે ગ્રંથાલયને લગતા કયા કયા કાર્યક્રમ કરવામાં આવે છે તેનો અભ્યાસ કરવો.
૨.૬. વિદ્યાર્થીઓ શૈક્ષણિક ગ્રંથાલયમાં કયા હેતુઓ લઇને ગ્રંથાલયની મુલાકાત લે છે તે વિશે જાણવું.

## 3. વ્યાપવિશ્વનું સીમાંકન અને ક્ષેત્રમર્યાદા નક્કી કરવી:

"દમણમાં આવેલી શૈક્ષણિક ગ્રંથાલયોનું જ સંશોધન" અભ્યાસ માટે વ્યાપવિશ્વ તરીકે પસંદ કરવામાં આવ્યું છે. જેમાં પણ સમયની મર્યાદાને અને ક્ષેત્રને ધ્યાનમાં રાખીને દમણમાં આવેલી માધ્યમિક શાળાઓ, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને ઉચ્ચ શિક્ષણને લગતી શૈક્ષણિક સંસ્થાની શૈક્ષણિક ગ્રંથાલયોનું વ્યાપવિશ્વનું ક્ષેત્ર પુરતું મર્યાદિત ક્ષેત્ર પસંદ કરવામાં આવ્યું છે.નમૂનામાં પસંદ થયેલી દમણનાં કુલ ૩૬ શૈક્ષણિક સંસ્થાનાં ગ્રંથાલયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## ૪. ઉત્કલ્પનાની પસંદગી અને રચના:

પ્રસ્તુત સંશોધનમાં આ મુજબની ઉત્કલ્પના રચવામાં આવી છે.

૪.૧ દમણમાં આવેલા શૈક્ષણિક ગ્રંથાલયના ગ્રંથસંગ્રહ વિકાસમાં તફાવત જોવામળશે.

૪.૨ દમણમાં આવેલા શૈક્ષણિક ગ્રંથાલયની સેવાઓમાં તફાવત જોવા મળશે.
૪.૩ દમણમાં આવેલા શૈક્ષણિક ગ્રંથાલયમાં ઉપભોક્તાને લઇને કરવામાં આવતાપ્રોગામોમાં તફાવત જોવા મળશે.
૪.૪ દમણમાં આવેલા શૈક્ષણિક ગ્રંથાલયનાં મુલાકત માટેના હેતુમાં તફાવત જોવામળશે.

**૫. સશોધનનાં ઉપકરણો:**

સંશોધક દ્વારા આ સંશોધનમાં ઉપકરણમાં પ્રશ્નાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**૬. માહિતી એકત્રિકરણની પ્રક્રિયા:**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે પ્રશ્નાવલીઓ સંઘ પ્રદેશ દમણમાં આવેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા તેમજ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓનાં ગ્રંથાલયની માહિતી માટે રૂબરૂ મુલાકત લઇને ગ્રંથાલયનાં ગ્રંથપાલ પાસે પ્રશ્નાવલિ ભરાવા માટેના પ્રયત્ન કરવામાં આવેલ છે.

**૭. માહિતી વિશ્લેષણ માટેની પદ્ધતિ:**

સંશોધન માટે પ્રયોજેલી પ્રશ્નાવલી દ્વારા એકત્રિત થયેલી માહિતી અને હકીકતોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. અને તે માટે જુદી જુદી પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે જેમાં સંખ્યા અને આંકડાઓને સારણી દ્વારા માહિતી પ્રસ્તુત કરવામાં આવી છે. માહિતીને આલેખસૂચિ દ્વારા, ચાર્ટ દ્વારા પણ રજૂ કરવામાં આવી છે. જરૂર જણાઇ ત્યાં ટકાવારી પણ આપવામાં આવી છે.

સંશોધન કાર્યમાં પ્રાપ્ત થયેલી માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન કરતા નીચે જણાવ્યા મુજબના તારણો મેળવી શકાય છે.મળેલી માહિતીના આધારે માહિતીનું પૃથકકરણ કરી તેનું અર્થઘટન કરવાથી આ મુજબના તારણો મળે છે.દમણમાં કુલ શૈક્ષણિક સંસ્થો **૩૬** છે.સંશોધનક્ષેત્ર દમણમાં૩૩(૯૪.૨૯%)પ્રશ્નાવલીઓ પરત મળી હતી. જેમાંદમણમાં ૨૬ (૮૪.૮૫%) શાળા ગ્રંથાલય અને ૭ (૧૩.૧૫%) કોલેજ ગ્રંથાલય જોવા મળે છે.

**૮. ઉત્કલ્પનાની ચકાસણી:**

અહિં સમગ્ર સંશોધન કાર્યની ફલશ્રુતિ કે સંશોધન કાર્યનો નિચોડ રજૂ કરવામાં આવ્યો છે. સંશોધન કાર્ય શરૂ કરતા પહેલા સંશોધન કાર્યની ઉત્કલ્પનાની રચના કરવામાં આવેલી હતી હતી. જેની અહિં ચકાસણી કરવામાં આવેલ છે.પ્રાપ્ત થયેલી માહિતી સાથે ઉત્કલ્પનાની સરખામણી કરીને તેને ચકાસવામાં આવેલ છે. તથા તે પરથી જરૂરી સૂચનો કે ભલામણ ફલિતાર્થ રૂપે રજુ કરવામાં આવી છે.

**ઉત્કલ્પના : ૧ : દમણમાં આવેલ શૈક્ષણિક ગ્રંથાલયના ગ્રંથસંગ્રહ વિકાસમાં તફાવત જોવા મળશે.**

**ચકાસણી**: આ ઉત્કલ્પનાની ચકાસણી માટે નમૂનામાં દમણનાં શૈક્ષણિક ગ્રંથાલયને અલગ પાડવામાં આવ્યા હતા. શૈક્ષણિક ગ્રંથાલયોમાં ગ્રંથસંગ્રહ અંગેની માહીતી આ મુજબ છે.

**સારણી : ૧**

**ગ્રંથાલયોમાં ગ્રંથસંગ્રહની સંખ્યા દર્શાવતી સારણી**

| વર્ગ | સંસ્થા | વર્ગ | સંસ્થા |
|---|---|---|---|
| **૦૧ થી ૫૦૦** | ૦૦ (૦૦.૦૦) | **૩૦૦૧ થી ૩૫૦૦** | ૦૧ (૦૩.૦૩) |
| **૫૦૧ થી ૧૦૦૦** | ૦૭ (૨૧.૨૧) | **૩૫૦૧ થી ૪૦૦૦** | ૦૦ (૦૦.૦૦) |
| **૧૦૦૧ થી ૧૫૦૦** | ૦૨ (૦૬.૦૬) | **૪૦૦૧ થી ૪૫૦૦** | ૦૦ (૦૦.૦૦) |
| **૧૫૦૧ થી ૨૦૦૦** | ૦૮ (૨૪.૨૪) | **૪૫૦૧ થી ૫૦૦૦** | ૦૦ (૦૦.૦૦) |
| **૨૦૦૧ થી ૨૫૦૦** | ૦૪ (૧૨.૧૨) | **૫૦૦૦ થી વધુ** | ૧૦ (૩૦.૩૦) |
| **૨૫૦૧ થી ૩૦૦૦** | ૦૧ (૦૩.૦૩) | **કુલ** | **૩૩ (૧૦૦)** |

નોંધ : કૌંસમાં દર્શાવેલ આંકડા ટકાવારી દર્શાવે છે.

**અર્થઘટન:** ઉપરોકત સારણી પરથી જાણી શકાય છે કેજે ગ્રંથાલયમાં ૫૦૧ થી વધારે પરંતુ ૧૦૦૦ સુધીનો ગ્રંથસંગ્રહ હોય તેવા કુલ ગ્રંથાલયો છે જેમા સૌથી દમણમાં ૭ (૨૧.૨૧%) જોવા મળે છે. દમણનાં ગ્રંથાલયોમાં ૧૦૦૧ થી વધારે પરંતુ ૧૫૦૦ સુધીનો ગ્રંથસંગ્રહ કુલ દમણમાં ૨ (૬.૦૬%) નાં ગ્રંથાલયોના સમાવેશ થાય છે. જે ગ્રંથાલયમાં ૧૫૦૧ થી વધારે પરંતુ વધુમાં વધુ ૨૦૦૦ સુધીના પુસ્તકો હોય તેવા કુલ ગ્રંથાલયોમાં દમણની ૮ (૨૪.૨૪%) ગ્રંથાલયોનો સમાવેશ થાય છે. દમણનાં ગ્રંથાલમાં ૨૦૦૧ થી ૨૫૦૦ સુધીના પુસ્તકો હોય તેવા કુલ ગ્રંથાલયોમાં દમણમાં ૪ (૧૨.૧૨%) ગ્રંથાલયોનો સમાવેશ થાય છે. જે ગ્રંથાલયમાં ૨૫૦૧ થી વધારે પરંતુ વધુમાં વધુ ૩૦૦૦ સુધીના પુસ્તકો હોય તેવા કુલ ગ્રંથાલયોમાં દમણની ૧ (૩.૦૩%) ગ્રંથાલયોનો સમાવેશ થાય છે. દમણમાં આવેલ ગ્રંથાલમાં ૩૦૦૧ થી ૩૫૦૦ સુધીના પુસ્તકો હોય તેવા કુલ ગ્રંથાલયોમાં દમણમાં ૧ (૩.૦૩%) ગ્રંથાલયોનો સમાવેશ થાય છે. જે ગ્રંથાલયમાં ૩૫૦૧ થી વધારે પરંતુ વધુમાં વધુ ૪૦૦૦ સુધીના પુસ્તકો હોય તેવા કુલ ગ્રંથાલયોમાં ગ્રંથાલયોનો સમાવેશ થાય છે. દમણમાં આવેલ ગ્રંથાલમાં ૪૦૦૧ થી ૪૫૦૦ સુધીના પુસ્તકો હોય તેવા કુલ ગ્રંથાલયો અને ૪૫૦૧ થી ૫૦૦૦ સુધીના પુસ્તકો હોય તેવા એક પણ ગ્રંથાલયોનો સમાવેશ થયો નથી. જે ગ્રંથાલયમાં ૫૦૦૦ થી વધુપુસ્તકોનો ગ્રંથ સંગહ હોય તેવા ગ્રંથાલયોમાં દમણમાં ૧૦ (૩૦.૩૦%) ગ્રંથાલયોનો સમાવેશ થાય છે.

**ફલિતાર્થ:** આ પરથી કહી શકાય કે દમણની શૈક્ષણિક ગ્રંથાલયની ગ્રંથસંગ્રહ વિકાસમાં તફાવત જોવા મળે છે. અહીઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે.

**સૂચનો:** ઉપરોકત સારણીના આધારે કહી શકાય કે દમણનાં શૈક્ષણિક ગ્રંથાલયોનાં ગ્રંથસંગ્રહમાં અલગ અલગ જોવા મળે છે. માટે તે માટે સરકાર તરફ થી કે ખાનગી સંસ્થા તરફથી ગ્રંથાલયનો ઉપયોગ કરનાર તેમજ તેમની માંગને ઘ્યાન રાખીને ગ્રંથસંગ્રહમાં વધારો કરવો જોઇએ. ઇ-પુસ્તકોની પણ વસાવવા જોઇએ. સ્પર્ધાત્મક વિષયનાં પુસ્તકો વધુ મંગાવવા જોઇએ. દરેક શૈક્ષણિક ગ્રંથાલયમાં ગ્રંથસંગ્રહમાં દર વર્ષે નોંધપાત્ર રીતે વધારો થવો જોઇએ.

**ઉત્કલ્પના : ૨ : દમણમાં આવેલ શૈક્ષણિક ગ્રંથાલયની સેવાઓમાં તફાવત જોવા મળશે.**

**ચકાસણી** :આ ઉત્કલ્પનાની ચકાસણી માટે નમૂનામા દમણના શૈક્ષણિક ગ્રંથાલયને અલગ અલગ પાડવામાં આવ્યા હતા. શૈક્ષણિક ગ્રંથાલયમાં આપવામાંઆવતી સેવાઓની રજુઆત સારણી : ૨ માં કરવામાં આવી છે.

**સારણી: ૨**

**ગ્રંથાલયમાં આપવામાં આવતી વિવિધ સેવાઓ અંગેની સારણી**

| ગ્રંથાલય સેવાઓ. | દમણ |
|---|---|
| ઇન્ટરનેટ સેવા | ૦૭ (૨૧.૨૧) |
| આંતર ગ્રંથાલય લોન સેવા | ૦૧ (૦૩.૦૩) |
| ઝેરોક્ષ | ૦૧ (૦૩.૦૩) |
| અનુવાદ સેવા | ૦૦ (૦૦.૦૦) |
| સૂચિકરણ સેવા | ૦૦ (૦૦.૦૦) |
| સામયિક સૂચિકરણ સેવા | ૦૦ (૦૦.૦૦) |
| વેબ ઓપેક | ૦૦ (૦૦.૦૦) |
| સરકયુલેશન | ૩૩(૧૦૦.૦૦) |
| રેફરન્સ સેવા | ૦૭ (૨૧.૨૧) |
| બૂક રીર્ઝવ સેવા | ૦૭ (૨૧.૨૧) |
| બૂક બેંક સેવા | ૦૧ (૩.૦૩) |
| સ્કેનીગ | ૦૦ (૦૦.૦૦) |
| સી.એ.એસ/એસ.ડી.આઇ | ૦૦ (૦૦.૦૦) |
| નોટીસ બોર્ડ | ૦૮ (૨૪.૨૪) |
| સોસીયમ મીડીયા | ૦૦ (૦૦.૦૦) |
| ડીજીટલ સકિન ટી.વી. | ૦૦ (૦૦.૦૦) |
| વાઇ-ફાઇ | ૦૦ (૦૦.૦૦) |

| | |
|---|---|
| રીપ્રોગાફી સેવા | ૦૦ (૦૦.૦૦) |
| ડોક્યુમેન્ટ ડીલીવરી સેવા | ૦૦ (૦૦.૦૦) |
| ન્યુ એરાઇવલ બૂક નોટીસ | ૦૭ (૨૧.૨૧) |
| ઇન્ડેક્ષીગ સેવા | ૦૦ (૦૦.૦૦) |
| સામાયિક ઇન્ડેક્ષીગ સેવાઓ | ૦૦ (૦૦.૦૦) |
| અન્ય સેવાઓ | ૦૦ (૦૦.૦૦) |
| **કુલ** | **૩૩ (૧૦૦)** |

નોંધ : કૌંસમાં દર્શાવેલ આંકડા ટકાવારી દર્શાવે છે.
: ૨ સેવા માટે એક કરતાં વધુ વિકલ્પની પસંદગી કરવામાં આવી છે.

**અર્થઘટનઃ** સારણી ગ્રંથાલયમાં આપવામાં આવતી વિવિધ પ્રકારની સેવાઓ વિશે માહિતી મેળવવામાં આવી છે જે આ મુજબ છે. ઇન્ટરનેટ સેવામાં દમણની ૭ (૨૧.૨૧%) ગ્રંથાલયોનો સમાવેશ થાય છે. દમણની ૧ (૩.૦૩%) ગ્રંથાલયમાં આંતર ગ્રંથાલય લોન સેવા જોવા મળે છે. ઝેરોક્ષ સેવા દમણની ૧ (૩.૦૩) ગ્રંથાલયનો સમાવેશ થાય છે. અનુવાદ સેવા અને સૂચિકરણસેવા એ કોઇપણ ગ્રંથાલયમાં જોવા મળી નથી. સામયિક સૂચિકરણ સેવા અને વેબ ઓપેક સેવા એક પણ ગ્રંથાલયમાં નથી. સરકયુલેશન સેવા દરેક ગ્રંથાલયમાં આપવામાં આવે છેદમણમાં ૩૩ (૧૦૦.૦૦%) ગ્રંથાલયોનો સમાવેશ થાય છે. રેફરન્સ સેવાઓમાં દમણની ૭ (૨૧.૨૧%) ગ્રંથાલયોનો સમાવેશ થાય છે. જયારે બૂક રીઝર્વ સેવામાં (૫.૦૦%) દમણની ૭ (૨૧.૨૧%) ગ્રંથાલયોનો સમાવેશ જોવા મળે છે. બૂક બેંક સેવા દમણની ૧ (૩.૦૩%) ગ્રંથાલયનો સમાવેશ થાય છે. સ્કેનીગ અને સી.એ.એસ/એસ.ડી.આઇ ફકત દમણની એક પણ ગ્રંથાલયમાં નથી. નોટીસ બોર્ડ સેવા દમણની ૮ (૨૪.૨૪%) ગ્રંથાલયોનો સમાવેશ થાય છે, સોસીયલ મીડીયા સેવા અને ડીજીટલસકિન ટી.વી. કોઇપણ ગ્રંથાલયમાં નથી. વાઇ-ફાઇ સેવા, રીપ્રોગાફી સેવા અને ડોકયુમેન્ટ ડીલીવરી સેવા એક પણ ગ્રંથાલયમાં આપવામાં આવતી નથી. ન્યુ એરાઇવલ બૂક નોટીસ દમણમાં ૭ (૨૧.૨૧%) ગ્રંથાલયમાં જોવા મળે છે. ઇન્ડેક્ષીગ સેવાઓ, સામયિક ઇન્ડેક્ષીગ સેવાઓ અને અન્ય સેવાઓ દમણનાં ગ્રંથાલયમાં જોવા મળી નથી.

**ફલિતાર્થઃ** આ પરથી કહી શકાય કે દમણની શૈક્ષણિક ગ્રંથાલયમાં આપવામાં આવતી સેવાઓમાં સાર્થક તફાવત જોવા મળે છે. અહીઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે.

**સૂચનોઃ** ગ્રંથાલયનો હેતુ ઉપયોગકર્તાને યોગ્ય સેવા આપવાનો હોય છે. પછી તે કોઇ પણ પ્રકારનું ગ્રંથાલય હોય તો પછી શૈક્ષણિક ગ્રંથાલયમાં પણ શાળા ગ્રંથાલય હોય કે પછી કોલેજ ગ્રંથાલય હોય તો પણ તેમનો મુખ્ય હેતું વિદ્યાર્થીઓને યોગ્ય સેવાઓ આપવાનો છે. માટે દમણનાં શૈક્ષણિક ગ્રંથાલયમાં પણ એક સરખી સેવાઓ આપવામાં આવે એવા પ્રયાસ સરકાર તેમજ ખાનગી સંસ્થા ચલાવતા સંચાલકો તરફથી કરવો જોઇએ. શાળા ગ્રંથાલયો હોય કે પછી કોલેજ ગ્રંથાલયોમાં આધુનિક સેવાઓ ગ્રંથાલયોમાંઆપવામાં આવતી વિવિધ પ્રકારની સેવાઓ પુસ્તક આપ-લે સિવાયની સેવાનો અભાવ જોવા મળે છે. માટે ગ્રંથાલયમાં ઇન્ટરનેટ, આંતર ગ્રંથાલય લોન સેવા, ઝેરોક્ષ સેવા, અનુવાદ સેવા, સૂચિકરણ સેવા, સામયિક સૂચિકરણ સેવા, વેબ ઓપેક સેવા, બૂક બેંક સેવા, સ્કેનીગ અને સી.એ.એસ/એસ.ડી.આઇ, નોટીસ બોર્ડ સેવા, સોસીયલ મીડીયા સેવા અને ડીજીટલસકિન ટી.વી. વાઇ-ફાઇ સેવા, રીપ્રોગાફી સેવા અને ડોકયુમેન્ટ ડીલીવરી સેવા , ઇન્ડેક્ષીગ સેવાઓ, સામયિક ઇન્ડેક્ષીગ સેવાઓ જેવી અન્ય સેવાઓ દમણનાં ગ્રંથાલયમાં આપવી જોઇએ..

**ઉત્કલ્પના : ૩ : દમણમાં આવેલ શૈક્ષણિક ગ્રંથાલયમાં ઉપભોકતાને લઇને કરવામાં આવતા કાર્યક્રમોમાં તફાવત જોવા મળશે.**

**ચકાસણીઃ** આ ઉત્કલ્પનાની ચકાસણી માટે દમણમાં આવેલ શૈક્ષણિક ગ્રંથાલયમાં ઉપભોકતાને લઇને કરવામાં આવતીવવિધ કાર્યક્રમોની સારણી ૩ આધારે જે ગ્રંથાલયમાં કાર્યક્રમો કરવામાં આવે છે તેની ચકાસણીની રજુઆત કરવામાં આવી છે.

**સારણી : ૩**

**ગ્રંથાલયમા ઉપભોગતાને લઇને કરવામાં આવતા કાર્યક્રમો અંગેની માહિતી દર્શાવતી સારણી**

| **કાર્યક્રમો** | દમણ |
|---|---|
| મને ગમતું પુસ્તક | ૦૨ (૪૦.૦૦) |
| વ્યાખ્યાન | ૦૦ (૦૦.૦૦) |
| તરતું પુસ્તક | ૦૦ (૦૦.૦૦) |

**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 4, Issue - 7, July - 2021
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.871
Received on : 02/07/2021 Accepted on : 18/07/2021 Publication Date: 31/07/2021

| | |
|---|---|
| સર્જક ગોષ્ઠિ | ૦૦ (૦૦.૦૦) |
| પુસ્તક પ્રદર્શન | ૦૫ (૧૦૦.૦૦) |
| સામયિક પ્રદર્શન | ૦૫ (૧૦૦.૦૦) |
| પુસ્તક સમીક્ષા | ૦૨ (૪૦.૦૦) |
| શીઘ્ર વકૃત્વ સ્પર્ધા | ૦૩ (૬૦.૦૦) |
| વકૃત્વ સ્પર્ધા | ૦૫ (૧૦૦.૦૦) |
| કવીઝ | ૦૧ (૨૦.૦૦) |
| નિબંધ સ્પર્ધા | ૦૩ (૬૦.૦૦) |
| અન્ય | ૦૦ (૦૦.૦૦) |
| **કુલ** | **૦૫ (૧૦૦)** |

નોંધ: કૌંસમાં દર્શાવેલ આંકડા ટકાવારી દર્શાવે છે.
: ૨ કાર્યક્રમ માટે એક કરતાં વધુ વિકલ્પની પસંદગી કરવામાં આવી છે.

**અર્થઘટન:** જે ગ્રંથાલયમાં ઉપભોગતાને લઈને પ્રોગામ કરવામાં આવે છે તે અંગેની માહિતી દમણ આ મુજબ મળી છે. મને ગમતુ પુસ્તક દમણમાં ૨ (૪૦.૦૦%).પુસ્તક પ્રદર્શન દમણમાં ૫ (૧૦૦.૦૦%) ગ્રંથાલયમાં જોવા મળે છે. જયારે સામયિક પ્રદર્શન દમણમાં ૫ (૧૦૦.૦૦%) ગ્રંથાલયોમાં કરવામાં આવે છે. પુસ્તક સમીક્ષા દમણમાં ૨ (૪૦.૦૦%) ગ્રંથાલયમાં પ્રોગામ કરવામાં આવે છે. શીઘ્ર વકૃત્વ સ્પર્ધા દમણમાં ૩ (૬૦.૦૦%) ગ્રંથાલયમાં ઉપભોકતા માટે પ્રોગામ કરવામાં આવે છે. વકતૃત્વ સ્પર્ધામાં દમણમાં ૫ (૧૦૦.૦૦%) ગ્રંથાલયોમાં ઉપભોગતાને લઈને પ્રોગામ કરવામાં આવે છે. કવીઝ દમણમાં ૧ (૨૦.૦૦%)નો સમાવેશ થાય છે. નિબંધ સ્પર્ધા અનુક્રમે ૩ (૬૦.૦૦%) ગ્રંથાલયોમાં ઉપભોગતાને લઈને પ્રોગામ કરવામાં આવે છે. જયારે તરતું પુસ્તક , સર્જક ગોષ્ઠિ, અન્ય પ્રકારના પ્રોગામ એક પણ ગ્રંથાલયમાં જોવા મળતા નથી

**ફલિતાર્થ:** આ પરથી કહી શકાય કે દમણની શૈક્ષણિક ગ્રંથાલયમાં ઉપભોકતાને લઈને કરવામાં આવતા કાર્યક્રમોમાં પણ તફાવત જોવા મળે છે.અહીઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે.

**સૂચનો:** દમણનાં કુલ ગ્રંથાલયમાંથી દમણમાંથી ૫ ગ્રંથાલયમાં જ ઉપભોકતાને લઈને કાર્યક્રમો કરવામાં આવે છે. પરંતુ વિદ્યાર્થીઓ ગ્રંથાલય પ્રત્યે આર્કષણ પામે અને ગ્રંથાલયનો વધુ ઉપયોગ કરતાં થાય તે માટે ઉપર મુજબનાં વિવિધ કાર્યક્રમો દરેક શૈક્ષણિક ગ્રંથાલયોમાં શરૂ કરવા જોઈએ જેથી વિદ્યાર્થીઓ ગ્રંથાલય માટે વધુ સમય ફાળવી શકે અને ગ્રંથાલયનો વધુ ઉપયોગ કરી શકે.

**ઉત્કલ્પના : ૪ : દમણમાં આવેલ શૈક્ષણિક ગ્રંથાલયનાં મુલાકત માટેના હેતુમાં કોઈ તફાવત જોવા મળશે.**
**ચકાસણી**: આ ઉત્કલ્પનાની ચકાચણીમાં દમણમાં આવેલા શૈક્ષણિક ગ્રંથાલયનાંમુલાકાત માટેના હેતુઓની સારણી ૪ ની રજુઆત કરવામાં આવી છે.

**સારણી : ૪**
**વિદ્યાર્થીઓનો ગ્રંથાલયની મુલાકાત માટેનો હેતુસ્પષ્ટ કરતી સારણી**

| ગ્રંથાલયની મુલાકાત માટેનો હેતુ | સંસ્થા |
|---|---|
| સામયિક વાંચવા | ૨૦ (૬૦.૬૧) |
| પુસ્તકો વાંચવા | ૨૦ (૬૦.૬૧) |
| ઈન્ટરનેટ એકસેસ કરવા | ૦૭ (૨૧.૨૧) |
| ઈ-જરનલ એકસેસ કરવા | ૦૦ (૦૦.૦૦) |
| પુસ્તક આ-લે | ૩૩ (૧૦૦.૦૦) |
| એસાઈમેન્ટ/ પ્રોજકટ | ૩૨ (૯૬.૯૭) |
| અન્ય હેતુ. (સમાચારપત્ર વાંચવા) | ૦૭ (૨૧.૨૧) |
| **કુલ** | **૩૩ (૧૦૦)** |

નોંધ : કૌંસમાં દર્શાવેલ આંકડા ટકાવારી દર્શાવે છે.
: ૨. મૂલાકાત માટે એક કરતાં વધુ વિકલ્પની પસંદગી કરવામાં આવી છે.

Received on : 02/07/2021 Accepted on : 18/07/2021 Publication Date: 31/07/2021

**અર્થઘટન:** મળેલ માહિતીના આધારે વિદ્યાર્થીઓ અલગ અલગ હેતુને કારણે ગ્રંથાલયની મુલાકાત લેતા હોય છે તે અંગેની માહિતી અહી મળે છે. જેમાં સામયિક વાંચવામાં દમણની ૨૦ (૬૦.૬૧% ) ગ્રંથાલયનો સમાવેશ થાય છે. પુસ્તકો વાંચવા માટે ગ્રંથાલયમાં આવતા વાચકોમાં દમણની ૨૦ (૬૦.૬૧%) ગ્રંથાલયોનો સમાવેશ જોવા મળે છે. ઈન્ટરનેટ એક્સેસ કરવા દમણની ૭ (૨૧.૨૧%) ગ્રંથાલયોમાં જોવા મળે છે. જયારે પુસ્તક આપ-લેમાં દમણની ૩૩ (૧૦૦.૦૦%) ગ્રંથાલયનો સમાવેશ થાય છે. એસાઇમેન્ટ/ પ્રોજેક્ટ માટે દમણની ૩૨ (૯૬.૯૭%) ગ્રંથાલયમાં જોવા મળે છે. અને અન્ય હેતુ માટે દમણની ૭ (૨૧.૨૧%) ગ્રંથાલયનો સમાવેશ જોવા મળે છે.

**ફલિતાર્થ:** આ પરથી કહી શકાય કે દમણની શૈક્ષણિક ગ્રંથાલયમાં આવતાં વિદ્યાર્થીઓના હેતુઓ પણ અલગ અલગ જોવા મળે છે જેમા તફાવત જોવા મળે છે. અહીઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે. અહીઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે.

**સૂચનો:** દમણનાં શૈક્ષણિક ગ્રંથાલયોમાં વિદ્યાર્થીઓ અલગ અલગ હેતુઓથી ગ્રંથાલયની મૂલાકાત લેતા હોય પરંતુ દરેક શૈક્ષણિક ગ્રંથાલયમાંવિદ્યાર્થીઓનો ગ્રંથાલયની મુલાકાત માટેનો મુખ્ય હેતુ સામયિક વાંચવા, પુસ્તકો વાંચવા, ઇન્ટરનેટ એકસેસ કરવા, ઇ-જર્નલ એકસેસ કરવા, પુસ્તક આ-લે, એસાઇમેન્ટ કે પ્રોજેકટ માટે કે અન્ય હેતુઓને કારણે આવતો વિદ્યાર્થી ફરી પાછો ગ્રંથાલયમાં આવે તેવા પ્રયત્ન કરવા જોઇએ.

## ૯. ઊપસંહાર :

પ્રસ્તુત સંશોધન કાર્યમાં દમણ માં આવેલી શૈક્ષણિક ગ્રંથાલયોનો એક અભ્યાસ હોવાથી દમણમાં કોઇ પણ શૈક્ષણિક ગ્રંથાલયનું આયોજન, સંચાલન, નાણાંકીય આયોજન, ગ્રંથાલયમાં આપવામાં આવતી વિવિધ સેવાઓ , ગ્રંથાલયમાં નવી ટેકનોલોજી, વાચકોની જરૂરીયાત, નેટર્વકીગ કરવા માટે આયોજન કેવી રીતે કરવુ તેમજ આવતા પડકાર તેમજ તેના ઉકેલ માટે કેવા સામનો કરવો પડે છે? તે વિષયનો અભ્યાસ કરવાનો તેમજ શૈક્ષણિક ગ્રંથાલયનાં વિકાસ માટે તેને મદદરૂપ બનવાનો છે.

## સંદર્ભસૂચિ :

૧. ચારણ શિવદાનભાઇ (૧૯૯૩). ગ્રંથાલય સંચાલન. વલ્લભવિદ્યાનગર: ગાયત્રી પ્રકાશન.
૨. પ્રજાપતિ, મણિભાઇ (૨૦૦૩). ૨૧મી સદીમાં ગ્રંથાલયોનું ભાવી.અમદાવાદ: પાર્શ્વ પ્રકાશન.
3. Ahmad, Shamim (1998). *Computer in Library Managemet.*New Delhli: A.P. H. Publishng Corporation.
4. Anil, A. & Sinha, S. (2002). *Academic Libraries.*New Delhi: Ess Ess Publicaitons.
5. Dhiman, Anil k. and Sinha, Suresh C, (2002) *Academic Liberies.* New Delhi : ESS ESS Publication.
6. Daman.nic.in, (2018) Official Website of Daman U.T. Administration-India. Retrived 2 November 2018, from http://www.daman.nic.in